# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

**1)** સલામતીની ચુસ્ત વ્યવસ્થા વચ્ચે આવતીકાલે પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીની મત ગણતરી

**2)** દિલ્હીના વિવેક વિહાર વિસ્તારમાં આજે લાગેલી ભીષણ આગમાં 9 લોકોના મોત

**3)** લેબનોનમાં ઈઝરાયલે 50 હવાઈ હુમલા કરતાં 41 લોકોના મોત થયા

**4)** શાંતિપૂર્ણ ભવિષ્યના નિર્માણની થીમ સાથે આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી

**5)** IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે જ્યારે સનરાઈઝર્સ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે રમશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# WB-VOTE COUNTING

આવતીકાલે પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમા વિધાનસભાની ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે. ત્યારે પશ્ચિમ બંગાળમાં રાજ્યભરના 77 મતગણતરી કેન્દ્ર પર કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર ગણતરી કેન્દ્રો પર બધી વ્યવસ્થા પૂર્ણ થઈ  છે. પારદર્શિતા સુનિશ્ચિત કરવા બહુ-સ્તરીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શરૂઆતમાં પોસ્ટલ બેલેટની અને ત્યારબાદ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનોની મતગણતરી હાથ ધરાશે.

રાજ્યમાં બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીમાં 93 ટકાથી વધુ મતદાન થયું હતું.

# TN-ELECTION - COUNTING ARRANGEMENT

તમિલનાડુના તમામ 62 નક્કી કરાયેલા મતગણતરી કેન્દ્રો પર આવતીકાલે સવારે 8 વાગ્યે મતગણતરી શરૂ થશે. મતગણતરી માટે કુલ 10 હજાર 545 કર્મચારીઓ તૈનાત રહેશે. ચાર હજાર 624 માઇક્રો-ઓબ્ઝર્વર્સ પણ ફરજ બજાવશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, દરેક વિધાનસભા મતવિસ્તાર માટે એક નિરીક્ષક સહિત કુલ 234 મતગણતરી નિરીક્ષકો સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે અને ચૂંટણી આયોગના વર્તમાન નિર્દેશોનું કડક પાલન સુનિશ્ચિત કરશે.

# REV. DAY. DELHI-FIRE

દિલ્હીના વિવેક વિહાર વિસ્તારમાં આજે લાગેલી ભીષણ આગમાં 9 લોકોના મોત થયા છે. દિલ્હી અગ્નિ શમન દળે જણાવ્યું હતું કે આગ બુઝાવવા માટે ચૌદ ફાયર ટેન્ડર ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા અને આગ કાબુમાં આવી ગઈ હતી.

પત્રકારો સાથે વાત કરતા, ફાયર ઓફિસર મુકેશ વર્માએ માહિતી આપી હતી કે બચાવ અને અગ્નિશામક કામગીરી દરમિયાન, ઇમારતમાંથી 15 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

(BYTE-MUKESH VERMA, FIRE OFFICER)

# DELHI FIRE – LG-CM

દિલ્હીના ઉપરાજ્યપાલ તરનજીત સિંહ સંધુ અને મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે વિવેક વિહારમાં થયેલી દુ:ખદ આગ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી સંધુએ અકસ્માતમાં પોતાના પ્રિયજનો ગુમાવનારા પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું કે દિલ્હી સરકાર આ મુશ્કેલ સમયમાં અસરગ્રસ્ત પરિવારોની સાથે મજબૂત રીતે ઉભી છે.અને અસરગ્રસ્તોને દરેક શક્ય સહાય સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# BIHAR CM-VAISHNAV –RAJNATH

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આજે નવી દિલ્હીમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે તેમણે સંરક્ષણ મંત્રી સાથે વિકસિત બિહાર હાંસલ કરવાના લક્ષ્ય અંગે ચર્ચા કરી હતી. ચૌધરીએ જણાવ્યું હતું કે રેલ્વે મંત્રી સાથેની મુલાકાતમાં રેલ્વે માળખાગત સુવિધાને મજબૂત બનાવવા, રેલ કનેક્ટિવિટી સુધારવા અને બિહારના સર્વાંગી વિકાસને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

# MNRE-SOLAR POWER

કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું હતું કે ભારત તેની સ્વચ્છ ઉર્જા યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પર પહોંચ્યું છે, જેમાં 45 લાખ  ઘરો હવે સૌર ઉર્જાથી ચાલે છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું હતું કે આ દેશભરમાં સૌર ઉર્જાના ઝડપી ઉપયોગને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે તે સૂર્યપ્રકાશને બચતમાં ફેરવીને, ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવી  હરિયાળા, વધુ આત્મનિર્ભર ભવિષ્યને ટેકો આપીને ઘરોને પરિવર્તિત કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ગુજરાત અને મહારાષ્ટ્ર પછી ઉત્તર પ્રદેશ 5 લાખ સૌર છત સ્થાપનોને પાર કરનાર ત્રીજું રાજ્ય બન્યું છે.

# LPG-CARRIER-HORMUZ

ભારત આવી રહેલું માર્શલ આઇલેન્ડ્સ-ધ્વજવાળું LPG ટેન્કર - MT સર્વ શક્તિ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સલામત રીતે પસાર થયું છે. આ જહાજ 46 હજાર 313 મેટ્રિક ટન LPG લઈને આવી રહ્યું છે. જેમાં 18 ભારતીયો સહિત 20 ચાલકદળના સભ્યો સવાર છે. સત્તાવાર સૂત્રો અનુસાર, આ ટેન્કર 13 મે સુધીમાં આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ પહોંચશે.

દરમિયાન બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે ગઈકાલે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે આ ક્ષેત્રમાં તમામ ભારતીય ખલાસીઓ સુરક્ષિત છે અને ભારતીય ધ્વજવાળા જહાજો સાથે સંકળાયેલી કોઈ ઘટના નોંધાઈ નથી.

# OPEC PLUS – OIL

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, ઓપેક પ્લસ દેશો એટલે કે પેટ્રોલિયમ નિકાસ કરનારા દેશોનું સંગઠન જૂનમાં તેલ ઉત્પાદન વધારવા માટે સંમત થયા છે. અહેવાલો અનુસાર, સાત OPEC-પ્લસ દેશો આવતા મહિને દરરોજ લગભગ 1 લાખ 88 હજાર બેરલ તેલ ઉત્પાદન વધારવા માટે સંમત થયા છે. ભૂરાજકીય કટોકટી અને UAE ના જૂથમાંથી ખસી ગયા પછી, આ સતત ત્રીજો મહિનો હશે જ્યારે OPEC-પ્લસ વધુ તેલનું ઉત્પાદન કરશે.

UAE ના ખસી ગયા પછી, OPEC-પ્લસ પાસે હવે ફક્ત 21 સભ્યો છે, જેમાં ઈરાનનો પણ સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ISRAEL LEBENON ATTACK

ઈઝરાયલે 16 એપ્રિલથી લાગુ થયેલા યુદ્ધવિરામ વચ્ચે લેબનોન પર હુમલા તેજ કર્યા છે. માત્ર દક્ષિણ લેબનોનમાં જ છેલ્લા 24 કલાકમાં ઈઝરાયલે 50 હવાઈ હુમલા કર્યા છે. આ હુમલાઓમાં ઓછામાં ઓછા 41 લોકોના મોત થયા છે. ઈઝરાયલી હુમલામાં અત્યાર સુધીમાં 2,000 થી વધુ લોકો માર્યા ગયા છે. હાલમાં સમગ્ર લેબનોનમાં ઈઝરાયલી ડ્રોન મંડરાઈ રહ્યા છે. ઈઝરાયલે શનિવાર સાંજથી દક્ષિણ લેબનોનના મોટાભાગના વિસ્તારોમાં બોમ્બમારો કર્યો છે. આજે સવારે અનેક શહેરોમાં પ્રચંડ વિસ્ફોટો થયા છે. પરિસ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની રહી છે. આ સમયે દક્ષિણ લેબનોન પર ડ્રોન ઉડી રહ્યા છે. બોમ્બમારામાં ચિહીન શહેરમાં ભારે તબાહી સર્જાઈ છે. અલ-તુફાહ જિલ્લાના અર-રયહાન શહેરમાં જોરદાર વિસ્ફોટ થયો છે. બગડતી પરિસ્થિતિ વચ્ચે દક્ષિણ લેબનોનના લોકો બાળકો સાથે હિજરત કરી રહ્યા છે. છેલ્લા 24 કલાકથી સમગ્ર દક્ષિણ લેબનોન બોમ્બમારાનો સામનો કરી રહ્યું છે.

# BAGHAEI- PIRACY

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાઘાઇએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ નિવેદનની નિંદા કરી છે જેમાં તેમણે ઈરાની જહાજો પર ચાંચિયાગીરીનો આરોપ લગાવ્યો હતો. બાઘાઇએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય દરિયાઈ નેવિગેશન વિરુદ્ધ તેમના કાર્યોના ગુનાહિત સ્વભાવનો સીધો અને ધૃણાસ્પદ સ્વીકાર છે.

ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકન  નેવીએ ઈરાની બંદરોની નાકાબંધીમાં ચાંચિયાઓની જેમ કામ કર્યું હતું.. તેહરાન સાથે યુદ્ધવિરામ પછીની વાટાઘાટો પછી અમેરિકાએ હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાન વિરોધી નાકાબંધી લાદી હતી.

# REV-WORLD-PRESS-FREEDOM-DAY

આજે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.આ વર્ષની વિષયવસ્તુ છે - 'શાંતિપૂર્ણ ભવિષ્યનું નિર્માણ' . આ દિવસ પ્રેસ સ્વતંત્રતાના મૂળભૂત સિદ્ધાંતોને ઓળખવાનો અને વૈશ્વિક સ્તરે પ્રેસ સ્વતંત્રતાનું મૂલ્યાંકન કરવાનો પ્રસંગ છે. જે સરકારોને પ્રેસ સ્વતંત્રતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને માન આપવાની યાદ અપાવે છે. આજનો દિવસ મીડિયા વ્યાવસાયિકો માટે પ્રેસ સ્વતંત્રતા અને વ્યાવસાયિક નીતિશાસ્ત્રના મુદ્દાઓ પર ચિંતન કરવાનો દિવસ  છે.

ઉલ્લેખનીય છે કે 1993માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.

# IPL

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે રમાશે. જ્યારે બીજી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે હૈદરાબાદમાં રમાશે.

# UTTRAKHAND –RAIN

ઉત્તરાખંડના ઘણા વિસ્તારોમાં થોડા થોડા સમય માટે વરસાદ પડવાથી તાપમાનમાં ઘટાડો થયો છે. અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ દિવસથી સતત પડી રહેલા વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો સામાન્ય કરતા નીચે ગગડી ગયો છે. હવામાન કેન્દ્ર દેહરાદૂન અનુસાર, આજે અને કાલે રાજ્યના મોટાભાગના ભાગોમાં વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. વિભાગે આ સમયગાળા દરમિયાન ભારે પવન સાથે વાવાઝોડાની ચેતવણી પણ જારી કરી છે. દેહરાદૂન, ટિહરી, હરિદ્વાર, પૌરી, નૈનિતાલ, ચંપાવત અને ઉધમ સિંહ નગર જિલ્લામાં કરા અને ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# REV. IMD-WEATHER

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને સિક્કિમ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરમાં વાવાઝોડા અને કરા પડવાની શક્યતા છે.

દિલ્હી, બિહાર, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, રાયલસીમા, ઉત્તરાખંડ, વિદર્ભ અને પશ્ચિમ બંગાળમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારમાં દિવસ દરમિયાન ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે. તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં આવતીકાલ સુધી ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે.

દરમિયાન ગઈકાલે રાત્રે દિલ્હીમાં હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને શહેરના ઘણા ભાગોમાં હળવો વરસાદ પડ્યો હતો, જેનાથી લોકોને ગરમીમાંથી રાહત મળી હતી.

# MALI 200 KILLED

માલીમાં સુરક્ષા દળો દ્વારા કરાયેલા લક્ષિત હવાઈ હુમલામાં 200 થી વધુ હુમલાખોરોને ઠાર કરાયા. રાજ્ય ટેલિવિઝનના અહેવાલ મુજબ શુક્રવારે સવારે થયેલા હુમલામાં સશસ્ત્ર આતંકવાદીઓના એક મોટા જૂથને નિશાન બનાવવામાં આવ્યું જે પડોશના સરહદી વિસ્તારમાંથી નવા હુમલાઓની તૈયારી કરી રહ્યા હતા.અગાઉ, 26 એપ્રિલે માલીની સેનાએ કુલિકોરોના પશ્ચિમી પ્રદેશમાં 100 થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા હતા.

ગત 25 એપ્રિલે રાજધાની બામાકો નજીક કાટી શહેરમાં આતંકવાદીઓએ કરાયેલા હુમલામાં માલીના સંરક્ષણમંત્રી અને તેમની પત્નીનું મોત નીપજ્યું હતું. ભારતે આ આતંકવાદી હુમલાઓની સખત નિંદા કરી છે. ભારતીય દૂતાવાસે માલીમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને સતર્ક રહેવા જણાવ્યુ છે.

# BRAZIL RAIN

બ્રાઝિલમાં ઉત્તરપૂર્વીય ભાગમાં ભારે વરસાદને કારણે  છ લોકો મૃત્યુ પામ્યા છે અને હજારો લોકો બેઘર બન્યા છે.. પૂર અને ભૂસ્ખલનને કારણે પરનામ્બુકોમાં ચાર લોકો મૃત્યુ પામ્યા હતા. પડોશી પરાઇબામાં, બે લોકો મૃત્યુ પામ્યા હતા અને લગભગ 1 હજાર 500 પરિવારો બેઘર બન્યા હતા. રાષ્ટ્રીય જોખમ અને આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રએ  જણાવ્યું હતું કે અધિકારીઓએ અનેક કટોકટી ચેતવણીઓ જાહેર  કરી છે. અને સાવચેતી રાખવાની વિનંતી કરી રહ્યા છે.